# શબ્દસૂચિ

[કૌંસમાં આપેલી સંખ્યા જ્ઞાનગીતાની કડીની સંખ્યા છે.]

અંતરયામી [૧૧૦] अंतर्यामिन् (સં) નું વિશ્લેષથી થયેલું તદ્ભવરૂપ, પ્રથમા એકવચન.

અણકલ્પ્યું [૨૪૩] પૂર્વગ अन અને क्लृप् ધાતુ પરથી, તદ્ભવરૂપ વિશેષણ, નપુંસકલિંગ, પ્રથમા એકવચન.

અનહૂતું [૨૬૪] પૂર્વગ अन સાથે ભવત-ભવન (સં) પરથી હોન્ત-હુન્ત > હુત-હૂતું મળીને સિદ્ધ થયેલું રૂપ

અનાદ્ય [૧૫૨] अनादि (સં) અંત્ય લઘુસ્વર इ નો य થઈને સિદ્ધ થયેલું તદ્ભવરૂપ, વિશેષણ, પુ. પ્રથમા. એકવચન

અનાહદ [૨૦૪] अनाहत (સં) પરથી તદ્ભવરૂપ. પુ. પ્રથમા એકવચન

અનૂંભવ [૨૯૯] अनुभव (સં) પરથી તદ્ભવરૂપ. પુ. પ્રથમા એકવચન.

અનૂંભવ્ય [૨૯૯] अनु પૂર્વગ અને भू ધાતુ પરથી આજ્ઞાર્થ, બીજો પુરુષ એકવચન.

અપૂરવ [૨૨૧] अपूर्व (સં) પરથી વિશ્લેષથી થયેલું તદ્ભવરૂપ, વિશેષણ, પુ. પ્રથમા એકવચન.

અમૂરત્ય [૨૩૬] अमूर्ति (સં) પરથી વિશેષણ અને અંત્ય લઘુપ્રયત્ન ય્ નો ય લઈને સિદ્ધ થયેલું તદ્ભવરૂપ વિશેષણ, પું. પ્રથમા એકવચન.

અવરય [૨૨૩] अवरे (સં) નું સંક્ષિપ્તરૂપ, પું. પ્રથમા બહુવચન. 'અવરિ'ના અંત્ય ઇ નો ય લઈને સિદ્ધ થયેલું રૂપ

અવરિ [૧૦૮] જુઓ 'અવરય'

અવીધાનિ [૧૫૯] (अविधा)(સં) કે મધ્ય-ગુજરાતીનો ત્રીજી વિભક્તિ એકવચનનો પ્રત્યય લાગતાં સિદ્ધ થયેલું તદ્ભવરૂપ સ્ત્રી. ત્રીજી વિભક્તિ એકવચન.

અહનીશિ [૧૦૮] अहर्निशं (સં) પરથી તદ્ભવરૂપ, અવ્યય.

અક્ષાંનિ [૨૨૫] अक्षाणाम् (સં) કે મધ્યકાલીન ગુજરાતીનો, ત્રીજી વિભક્તિ એકવચનનો પ્રત્યય લાગતાં સિદ્ધ થયેલું તદ્ભવરૂપ.

આતા [૧૭૧] आत्मन् (સં) પરથી આત્મા > આતમા > આતા પું - પ્રથમા એકવચન.

? આરાધીશિએ [૩૩૨] आ + राध् (સં) પરથી, વર્તમાન કર્મણિરૂપ. પંક્તિના અંતમાં હોવાથી 'આરાધીશિ'(આરાધીએ) ત્રંસે' (પાદપૂરક) [?]

આલિ [૧૭૫] — ऑलि (સં) પ્રાકૃત અને અપભ્રંશમાં પણ નામરૂપે ઊતરી આવ્યો છે નપું. લિંગ.

આવર્ણ [૧૨૮] — आवरणम् (સં) પ્રાસને લાગતું થયેલું રૂપ, નપુંસકલિંગ, પ્રથમા એકવચન.

આવાગમન [૨૬૬] — 'ગમનાગમન' અને 'આવનજાવન' (આવન, આવો જાઓ) એ બંનેની અસરથી થયું હોય. 'ગમનાગમન'માં છેલ્લો અંશ 'ગમન' હોવાનું મનાતાં 'આવનજાવન' વગેરેની અસર નીચે, આગલા અંશ તરીકે, વિરોધી શબ્દ 'આવ' મુકાયો. 'આવ'ને બદલે 'આવા' એ 'ગમનાગમન'ને લીધે 'જોતાજોતા' 'દોડાદોડી' 'દોડાદોડ' વગેરેની [illegible]

એકાંત્ય [૩૩૯] — एकान्तम् (સં) પરથી સાતમીનો પ્રત્યય. લાગીને અન્ત્ય 'ઈ'ના લઘુશ્રુતિ 'ય' થઈને સિદ્ધ થયેલું રૂપ

ઓલખો [૧૧૧] — उप + लक्ष् (સં) પરથી આજ્ઞાર્થ, બીજો પુરુષ બહુ વચન.

અંતઃકર્ણ [૧૩૭] — अंतः + करणम् (સં)નું તદ્ભવ રૂપ.

અંતરય [૨૯૪] — अंतर् (સં) સાતમી એકવચનનો પ્રત્યય લાગીને

ઇં છે [૩૦૮] — इच्छति > ઇચ્છઇ > ઈંછે, વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચન

ઈંમ [૨૮૩] एवम् (સં) એવં > એમ > ઈંમ. ક્રિયાવિશેષણ.

ઇહવો [૨૯૨] एष: > એહલો > એહુ ને વત્ પ્રત્યય લાગીને,
ઇશો + સર્વનામ, પુલિંગ, પ્રથમા એકવચન.

ઉઘાડિ [૧૬૯] उत् + घट् પરથી વર્તમાનકાળ. ત્રીજો પુરુષ એકવચન.

ઊંચરિ [૧૫૦] उत् + चर् પરથી વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચન.

ઉચરો [૧૦૪] उत् + चर् પરથી આજ્ઞાર્થ, બીજો પુરુષ બહુવચન.

ઉતપત્ય [૨૨૯] उत्पत्ति (સં) પરથી વિશ્લેષથી અંત્ય 'ઈ'ના
લઘુપ્રયત્ન 'ય' થઈને.

ઉદક્યોગિ [૧૮૯] उदकयोगे (સં) પરથી.

ઉદિ [૨૯૦] उदय (સં) નો તદ્ભવ પુ. પ્રથમા એકવચન

ઉન્મણી [૧૨૪] उन्मनी (સં) નું તદ્ભવરૂપ, સ્ત્રીલિંગ, પ્રથમા એકવચન.

ઉપજિ [૧૧૦] उत्पद्य -> ઉપજ્ પરથી વર્તમાનકાળ, ત્રીજો પુરુષ એકવચન.

ઉપાધ્ય [૧૦૮] उपाधि (સં) અંત્ય 'ઈ'નો લઘુશ્રુતિ 'ય' થઈને તદ્ભવરૂપ, સ્ત્રીલિંગ, પ્રથમા એકવચન.

ઉરમી [૧૪૨] ऊर्मि (સં)નું તદ્ભવરૂપ, સ્ત્રીલિંગ, પ્રથમા એકવચન.

ઊગટિ [૧૨૨] ઉવ્વટ્ટઈ (દેશ્ય- દેશીનામ. ૧,૧૩૨) પરથી વર્તમાનકાળ, ત્રીજો પુરુષ એકવચન.

કલપની [૨૯૬] कल्पना (સં) પરથી તદ્ભવરૂપ સ્ત્રીલિંગ પ્રથમા- એકવચન.

કલિ [૧૨૦] कलं (સં) પરથી વર્તમાનકાળ, ત્રીજો પુરુષ, એકવચન.

ક્રીપાઈં [૧૧૯] કૃપા (સં) ના તદ્‌ભવ 'ક્રીપા'નું સ્ત્રીલિંગ તૃતીયા એકવચન.

ક્યરશો [૧૭૦] કીદૃશ (સં) પરથી 'કઈસ' પરથી પુલિંગ પ્રથમા એકવચન.

ખૂટિ [૩૦૯] ખુટ્ટઈ > ખુટિ (દેશ્ય) વર્તમાન કાળ, ત્રીજો પુરુષ એકવચન.

ગત્ય [૧૧૪] ~~ગમ્મ (ક્રા) પરથી (દે ક માં 'ગમ્મ' પાઠ છે).~~
~~સ્ત્રીલિંગ, પ્રથમા એકવચન~~
ગતિ (સં) પરથી તદ્‌ભવ અંત્ય 'ઈ'નો લઘુશ્રુતિ 'ય' થઈને સ્ત્રીલિંગ પ્રથમા એકવચન.

ગમ્ય [૨૨૩] ગમ્ (ધા) પરથી (વે એ માં 'ગમ' પાઠ છે) સ્ત્રીલિંગ, પ્રથમા એકવચન.

ગલિ [૨૭૬] ગ્લાતિ (સં) ગલઈ > ગલિ વર્તમાન કાળ ત્રીજો પુરુષ એકવચન.

ગ્રહિ [૧૧૩] ગૃહ્ણાતિ > ગ્રહઈ > ગ્રહિ વર્તમાન કાળ ત્રીજો પુરુષ, એકવચન.

ગાઈયિએ [૩૩૨] गा (સં) પરથી વર્તમાન કર્મણિરૂપ (જુઓ આરાધીએ)

ચાખોજ [૧૦૮] चक्ष् (સં) પરથી આજ્ઞાર્થ બીજો પુરુષ બહુવચન.

ચાખે [૨૯૯] चष् (સં) પરથી વર્તમાનકાળ, ત્રીજો પુરુષ એકવચન.

ચીત [૨૦૧] चित्त (સં) નો તદ્ભવ.

ચીત્રામૈણ [૨૨૭] चित्र (સં) ને નામ્યાંતર જાતિવાચક પ્રત્યય 'આમણ' (આમ>આવ, સાનુનાસિક થઈને ઓંવ> આમ+ણામ. આથી 'અણું' લાગીને લાગતાં પ્રથમા એકવચન.

ચીંતવો [૨૦૬] चिंतयति (સં) પરથી વ આગમ. આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચન.

ચૈંતન [૨૩૪] चैतन्यम् (સં) પરથી તદ્ભવ નપુંસકલિંગ પ્રથમા એકવચન.

જગદીશિં [૩૩૬] જગદીશ (સં) ને મધ્યકાલીન ગુજરાતીનો 'ઈ' પ્રત્યય લાગતાં સિદ્ધ થયેલું રૂપ, પુલ્લિંગ, ત્રીજી વિભક્તિ એકવચન.

જાંણનહાર [૧૦૪] જ્ઞાન (સં) ને અપભ્રંશ છઠ્ઠીનો પ્રત્યય 'હ' લાગ્યા પછી સંસ્કૃત કર્તૃવાચક 'કાર' લાગીને સિદ્ધ થયેલું રૂપ. [?] પુલ્લિંગ પ્રથમા એકવચન.

જીતિ [૧૪૨] જિત_ (જિ ક્લિમ_) પરથી વર્તમાનકાળ, ત્રીજો પુરુષ એકવચન તદ્ભવ જ લાગે.

જીહ્વાઈં [૩૧૪] જિહ્વા (સં) ને મધ્યકાલીન ગુજરાતીનો 'ઈં' પ્રત્યય લાગીને સિદ્ધ થયેલું સ્ત્રીલિંગ, તૃતીયા એકવચન.

જ્યોત્યમાંહિં [૨૦૧] જ્યોતિ (સં) નો અંત્ય 'ઈ' નો લઘુશ્રુતિ 'ય' થઈને તદ્ભવ જ્યોત્ય + માંહિ (મધ્ય > મજ્ઝ > માઝ > માહ ને સાતમી એકવચનનો પ્રત્યય લાગતાં માહિને ટૂંકાવતાં માંહિ) સ્ત્રીલિંગ, સાતમી એકવચન.

ઝલહલિ [૧૧૭] ઝળહળ (સં) (ઝળંત જ્વલંતિ) પરથી. વર્તમાનકાળ ત્રીજો પુરુષ. એકવચન.

ઠાલો [૨૭૩] પ્રાકૃત દેશ્ય 'ઠલ્લ' પરથી, વિશેષણ પુલ્લિંગ.

ઠાંમ [૨૭૩] સ્થાનમ્ (સં) > ઠાંમ > ઠામ > ઠાંમ.
પુલ્લિંગ પ્રથમા એકવચન.

તત્ત્વિં [૨૮૮] તત્ત્વ (સં) ને સપ્તમી એકવચનનો પ્રત્યય
'ઈ' લાગીને.

તુરીઆ [૧૧૭] તુરીય (સં) પરથી સ્ત્રીલિંગ. પ્રથમા. એકવચન.

ત્રણિય [૩૦૭] ત્રીણિ (સં) પરથી અંત્ય 'ઈ'નો લઘુશ્રુતિ
ય થઈને.

ત્રીષ્ણા [૧૫૧] તૃષ્ણા (સં)નું તદ્ભવરૂપ, સ્ત્રીલિંગ, પ્રથમા એકવચન.

ત્યારિં [૨૮૦] તેહવારઈ (મધ્યકાલીન ગુજરાતી) > તિહવારઈ
> તિહારઈ > તહારઈ > તાહારઈ > તારિ > ત્યારિં
ક્રિયાવિશેષણ.

થૌંચિ [303] स्था (સં) પરથી વર્તમાન કર્મણિરૂપ.

દરશન [२03] दर्शनम् (સં) પરથી વિશેષ થઈને સિદ્ધ થાઉં તદ્ભવરૂપ.

દીઠો દીઠિ [૧૬૯] दिट्ठो दिट्ठि (સં) પરથી તદ્ભવ.

દૂરય [૧૧૨] दूर (સં) સપ્તમીના 'ઈ'નો લઘુશ્રુતિ 'ય' થઈને અવ્યય.

દેખાડ [૧૬૯] दर्श + र - क (સં) પરથી પ્રાકૃત દેક્ખ। (દૃષ્ટિગત થાં) ને અવ્યયરૂપ કૃદંત ય > ઈઅ. લાગી વર્તમાન પ્રેરક ત્રીજો પુરુષ. એકવચન.

દેહબુધ્યકેરો [૧૫૮] देहबुद्धि (સં) + કેરો. (कार्य > કારિઅ > કેરિઅ) ષષ્ઠીનો અનુગ લાગીને.

દ્વંદ [૩૧૨] द्वन्द्वम् (સં) પરથી તદ્ભવ

ધરિ [૧૫૧] धृ (સં) પરથી. વર્તમાનકાળ, ત્રીજો પુરુષ એકવચન.

ધાન [૧૬૨] ધ્યાનમ્ (સં) પરથી તદ્ભવ.

ધૂન્ય [૨૦૩] ધ્વનિ (સં) પરથી તદ્ભવ

નવ્ય [૧૬૫] न + आपि (સં) नापि > णवि > નવિ.
અંત 'ઈ'નો લઘુશ્રુતિ 'ય' થઈને નવ્ય.

નાશિં [૧૮૮] નાશ (સં) ને સપ્તમીનો 'ઇં' પ્રત્યય લાગીને

નાંખો [૧૦૯] नि + क्षिप् (સં) પરથી આજ્ઞાર્થ, બીજો પુરુષ બહુવચન.

નિચ્છિ [૧૯૭] — निश्चयेन (સં) ણિચ્છએણ > ણિચ્છએં > ણિચ્છઈ → ણિછિ – નિચ્છિ.

નીગમ [૨૨૫] — निगम (સં) પરથી તદ્ભવ.
(निगमशब्दो वेदवाची – ऋग्वेद भाष्यम्।

નીત્ય [૨૨૯] — नि+इति = नेति (સં) પરથી તદ્ભવ.

નીરખિ [૨૫૪] — निः ईक्षते (સં) પરથી, ~~આજ્ઞાર્થ~~, બીજો પુરુષ ~~બહુવચન~~. વર્તમાનકાળ, ત્રીજો પુરુષ એકવચન.

નીરખો [૨૦૩] — निः ईक्षत (સં) પરથી, આજ્ઞાર્થ. બીજો પુરુષ બહુવચન.

નીધારિ [૨૬૪] — निर्धार (સં) નો તદ્ભવ.

નીશાં [૨૦૪] નિર્વિષ (સં) નો તદ્ભવ.
નિશ્રાય (સં) પરથી (જુઓ ઉપર નિશ્ર ૧૯૭)

નીર્વાણ્ય [૨૩૧] નિર્વાણ (સં)નું પ્રાસને ખાતર થયેલું રૂપ.

નેહે [૨૦૫] સ્નેહ (સં) (નેહો > નેહ > નેહ, ને સપ્તમીનો પ્રત્યય 'ઈ' લાગીને

નીઠા [૨૦૫] નિષ્ઠિત (સં) નિટ્ઠિઅ પરથી નીઠ, ધાત્વાંશ બનાવીને નીઠ્યા - નીઠા.

નોહિ [૧૭૧] ન + ભવતિ (સં) > હોઈ > મધ્યકાલીન ગુજરાતીમાં હોઈ, હુઈ, હુવિ નો વિકાસ થઈને હોય.

? ન્યારાલો [૨૦૮] નિ + ... (સં) પરથી ન્યારાલો, બીજો પુરુષ, બહુવચન.

પરચિ [૨૫૩] પરિચય (સં) પરથી સાતમીનો 'ઈ' પ્રત્યય લાગીને.

પરપંચાવિં [૧૬૧] પ્રપંચ્ (સં) પરથી ૯ ગણ(મ, ત્રીજુ વિભક્તિ એ + વચન

પરભાવિ [૧૩૩] પ્ર + ભૂ (સં) પરથી વર્તમાનકાળ ત્રીજો પુરુષ એ + વચન.

પરહરિ [૧૭૧] પ્ર + હૃ (સં) પરથી વર્તમાનકાળ ત્રીજો પુરુષ એ + વચન.

પાખિ [૨૨૭] પક્ષ (સં) > પક્ખ > પાખ ને ત્રીજી વિભક્તિ એ + વચનનો પ્રત્યય લાગીને નામયોગી.

પામજિ [૩૦૯] પ્રાપ્ (સં) પરથી પ્રાપ્યતે > પાવિજ્જઈ- પામિજ્જઈ > પામીજ વર્તમાન કર્મણિ.

પાલો [૨૮૩] પાલય (સં) પરથી (?)

પાજિ [૨૧૮] પા - पिब (સં) पिबति > પિબઈ > પિયઈ > પિવઈ

પૂછઇ [૨૧૪] પૂછ (મધ્યકાલિન ગુજરાતી)નું વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચન.

પેખો [૨૨૨] प्र+ईक्ष (સં) પરથી આ શબ્દ, બીજો પુરુષ બહુવચન.

પેરિં [૧૪૩] प्रकारेण (સં) પ્રકારેણ > અપભ્રંશરૂપ પયારે > પઈરિ > પેરિં. સ્ત્રીલિંગ ત્રીજી વિભક્તિ એકવચન.

પ્રકાસિક [૨૨૫] प्रकाशिक (સં) પરથી તદ્ભવ

પ્રતક્ષ [૨૩૦] प्रत्यक्ष (સં) પરથી તદ્ભવ.

ફલશ્રુત્ય [૨૩૨] फलश्रुति (સં) અંત્ય 'ઈ'નો 'ય' થઈને.

બ્રાસિં [૩૩૬] દ્વિશતિ (સં) પરથી તદ્ભવ.

બ્રહ્મમાંહિ [૧૭૦] ब्रह्मन् (સં) + मध्ये > मज्झे > माज्झि > माहि > માંહિ > માંહ્ય > મ્હાં > માંહાં

બ્રહ્મવેત્તા [૨૮૪] ब्रह्मवेत्ता (સં) પરથી તદ્ભવ.

ભગતિં [૨૯૩] भक्ति (સં) પરથી વિશેષ પામેલ તદ્ભવ

ભજિ [૧૪૬] भज् + भजति (સં) > ભજઇ > ભજિ વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચન.

ભણિ [૧૯૮] भणति (સં) > ભણઇ > ભણિ વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચન.

ભર્મ [૧૧૧] भ्रम (સં) પરથી તદ્ભવ 'ભરમ' પ્રાસ ક્રમે.

અમારિ [૧૬૨] અમારી (સં) નું તદ્ભવરૂપ

આયોજ [૨૦૮] આયુજ્- (સં) પરથી આજ્ઞાર્થ બીજો પુરુષ બહુવચન.

આગતા [૨૨૦] આગતા (સં) પરથી સ્ત્રીલિંગ થઈને તદ્ભવ.

આણિ [૧૧૪] અણ્- (સં) પરથી વર્તમાનકાળ, ત્રીજો પુરુષ એકવચન.

આછે [૧૧૧] જુઓ આણિ (૧૧૪)

આસિ [૨૦૫] આસ્- (સં) પરથી વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચન.

આંત્ય [૨૪૬] આત્તિ (સં) પરથી સંબંધ 'ઈ'નો લઘુપ્રયત્ન 'ય' થઈને તદ્ભવ.

ભૂમ્ય [૧૦૬] भूमि (સં) પરથી અંત્ય 'इ' નો લઘુપ્રયત્ન 'ય' થઈને તદ્ભવ.

ભોયંગ [૧૫૯] भुजंग (સં) પરથી તદ્ભવ.

ભ્યંન [૧૭૧] भिक्ष (સં) પરથી તદ્ભવ.

મન્ય [૨૦૩] मनस् (સં) પરથી, સાતમી એકવચન.

માંન [૧૭૨] मान (સં) નું તદ્ભવ.

માંનમછર [૩૩૦] मान + मत्सर (સં) પરથી તદ્ભવ

મુંડુંને [૨૯૩] — મૃતમ્ > મડ્ડમ > મડ > મુડ ને મધ્યકાલીન ગુજરાતીનો 'નઈ' પ્રત્યય લાગતાં 'મુડનઈ' પરથી મુંડું ને.

મૂરત્ય [૧૧૧] — મૂર્તિ (સં) પરથી અંત્ય ઈનો લઘુપ્રયત્ન થઈને [illegible].

મૂર્ધનિ [૧૬૭] — મૂર્ધ (સં) પરથી. સાતમી વિભક્તિ. એકવચન.

મોહિ [૧૩૩] — મુહ (સં) પરથી વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચન.

યંતુનાં [૧૪૦] — જન્તુ (સં) પરથી છઠ્ઠી વિભક્તિ એકવચન.

યારિ° [૨૮૦] — ~~જિવા~~ જિવારઈ (મ.ગુ) > જેવારઈ 'વ'નો લોપ થતાં જ્યારિ > યારિ.

રદે [૨૭૫] हृदय (સં)નું ટૂંકાવીને હૃદ ને સપ્તમી એકવચનનો પ્રત્યય 'इ' લાગતાં हृदि > હૃદે > રુદે.

રાખીશ [૧૬૨] रक्ष् (સં) પરથી ભવિષ્યાર્થ, બીજો પુરુષ એકવચન.

રાખો [૨૩૩] रक्ष (સં) પરથી આજ્ઞાર્થ, બીજો પુરુષ બહુવચન.

રાત્યનું [૨૨૯] रात्रि (સં) રાત્તિ > રાતિ > રાત્ય ને છઠ્ઠી એકવચનનો પ્રત્યય લાગતાં તદ્ભવ.

રાક્યું [૧૬૨] रक्षितकम् (સં) પરથી ભૂ.કા. ત્રીજો પુરુષ એકવચન.

રુચી [૩૩૫] रुचि (સં) નો તદ્ભવ.

રુદયાંઈ [૩૪૫] हृदय (સં)ના તદ્ભવ 'રુદય' ને સપ્તમી એકવચન વચનનો પ્રત્યય લાગીને.

લગિ [૨૧૦] નામયોગી. મધ્યકાલીન ગુજરાતીમાં પાંચમી વિભક્તિના અર્થમાં लग्न – क्त (સં) ભૂતકૃદંત પરથી લગ્ગઅં > લગ્ગઉં સાથે સાતમીનો 'ઈ' પ્રત્યય લાગતાં લગ્ગઈ > લગિ.

લહીયિ [૩૦૩] लभ् (સં) પરથી વર્તમાન કર્મણિ બીજો પુરુષ એકવચન.

લાહો [૩૨૧] लाभ (સં) પરથી તદ્ભવ.

લીલવીલાસ [૨૯૪] लीलाविलास (સં) પરથી તદ્ભવ.

લીલાંઈ [૧૧૪] लीला (સં) ને ત્રીજી એકવચનનો પ્રત્યય લાગીને.

લેખવિ [૧૪૪] લેખયતિ (સં) પરથી વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચન.

વરતિ [૨૫૮] વર્તયતિ (સં) વર્તત > વત્તત ને પ્રત્યય, એકવચનનો 'ઉ' પ્રત્યય લાગતાં વત્તઉ > વત્તો > વરતો — વરતિ.

વસ્તુગત્ય [૨૫૨] વસ્તુ + ગતિ (સં) પરથી અંત્ય 'ઈ'નો લઘુપ્રયત્ન 'ય' થઈને.

વ્રથા [૨૬૩] વૃથા (સં) પરથી તદ્ભવ

વાંમિ [૨૬૦] વામયતિ (સં) વામઈ > વામિ વર્તમાનકાળ, ત્રીજોપુરુષ. એકવચન પરથી.

વાસરિ [૩૨૬] વાસરે (સં) સપ્તમી એકવચન.

વાહલી [૩૧૩] વલ્લભા (સં) પરથી સ્ત્રીલિંગ પ્રથમા એકવચન.

વીખિ [૧૪૪] વિઘટે (સં) > વિઘટ્ઇ > વીખિ. સપ્તમી એકવચન.

વીણાસિ [૧૧૮] વિ + નશ્ (સં) પરથી વિનશ્યતિ > વિણસ્સઇ > વિણસિ > વીણસી વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચન.

વીશ્રાંત્ય [૨૦૧] વિશ્રાન્તિ (સં) પરથી અંત્ય 'ઈ'નો લઘુપ્રયત્ન 'ય' થઈને તદ્ભવ.

વેગલો [૧૧૬] વેગ્ગલ (સિદ્ધહેમ ૮, ૪, ૩૭૦) પરથી (?) અથવા વ્યગ્ર (સં) > વિઅગ્ગ + સ્વાર્થે 'લ' લાગીને વિઅગ્ગલઓ > વેગલો વિશેષણ, પુલ્લિંગ, પ્રથમા એકવચન.

વંન્ય [૧૧૭] વર્ણ (સં) ને સપ્તમીનો પ્રત્યય લાગીને અંત્ય 'ઈ' નો લઘુપ્રયત્ન 'ય' થતાં.

શાઈ [૧૬૦] : શારદ (સં) નું તદ્ભવ રૂપ.

શાણ્યે [૨૩૭]

શીખે [૨૯૫] શિક્ષ્_ (સં) પરથી વર્તમાનકાળ, ત્રીજો પુરુષ, એકવચન.

શીઝે [૨૯૮] : સિદ્ધ્યતિ (સં) સિજ્ઝઈ > સીઝે, શીઝે વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચન.

સઘલે [૨૭૩] સકલકમ્_ (સં) સઘલઉં > સઘલઉ > સઘલું ને સપ્તમી એકવચનનો પ્રત્યય 'ઈ' લાગીને.

સદોદીત [૨૦૪] સદોદિત (સં) પરથી.

સનેહ [૧૪૦] સ્નેહ (સં) નું વિશ્લેષણથી થયેલું તદ્ભવરૂપ.

સમશ્યા [૧૨૩] સમસ્યા (સં) નું તદ્ભવ.

સમરથ સમર્થ (સં) પરથી વિશ્લેષણથી થયેલું તદ્ભવરૂપ.

સમાયિ [૨૬૧] सम्+मा (સં) પરથી सम्माति > સંમાઇ > સમાઇ- સમાયિ. વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચન,

સમાણો [૧૨૧] સમ (સં) ને 'આણો' ભૂતકૃદન્તનો પ્રત્યય લાગતાં થયેલું રૂપ. પુલ્લિંગ પ્રથમા એકવચન.

સમાંન [૩૩૮] સમાન (સં) નું તદ્ભવરૂપ.

સમૂલો [૧૨૭] समूलम् (સં) નું તદ્ભવરૂપ. પુલ્લિંગ, પ્રથમા. એ+વચન.

સહેયિ [૧૨૩] सहज (સં) પરથી તદ્ભવ.

સાથિં [૧૫૮] सार्थकेन (સં) > સત્થએણ > સત્થઈ > સાથઈ > સાથિં.

સાધ [૧૨૮] साधु (સં) પરથી તદ્ભવ.

સારિંગપાણ્ય [૨૫૩] शार्ङ्गपाणि (સં) પરથી વિશેષ અને અંત્ય 'ઈ' નો લઘુપ્રયત્ન 'ય' થઈને તદ્ભવરૂપ.

સાંન [૧૬૬] संज्ञा (સં) > સન્ના > સાંન.

સાંક્ષ્યનું [૧૯૨] સાંક્ષ્ય (સં) પરથી તદ્ભવ સાંક્ષ્યને છઠ્ઠી વિભક્તિ એકવચનનો પ્રત્યય લાગીને.

સ્થિત્ય [૨૨૯] સ્થિતિ (સં)નું અંત્ય 'ઈ'નો લઘુપ્રયત્ન 'ય' થઈ તદ્ભવરૂપ.

સૂપ [૧૪૩] सुक्ष्म् (સં) તદ્ભવરૂપ.

સૂણિ [૨૫૨] શ્રુ — શ્રુણોતિ (સં) પરથી વર્તમાનકાળ, ત્રીજો પુરુષ એકવચન.

સૂવણ્યિં [૨૩૩] સુવર્ણ (સં)ને સપ્તમીનો 'ઈ' પ્રત્યય લાગીને અંત્ય 'ઈ'નો લઘુપ્રયત્ન 'ય' થઈ ફરી સપ્તમીનો પ્રત્યય 'ઈ' લાગીને થયેલું તદ્ભવરૂપ.

સૂપુત્ત [૨૨૭] સુષુપ્ત (સં)નું તદ્ભવ.

સોય [૧૯૩] साहि (सं) सोहि > સોઈ > સોય.

~~સોલ્બોસોરીસ્યો~~

સોરામણો [૧૧૮] શોભાયાતિ સોરાવઈ પરથી નામ બનતાં સોરાવણઉં — સોરામણઉં ને સોરામણો. પુ. પ્રથમા, એકવચન, વિશેષણ.

સંગત્ય [૧૬૦] સંગાતિ (સં) પરથી અંત્ય 'ઈ'નો લઘુપ્રયત્ન 'ય' થઈને થયેલું તદ્ભવરૂપ.

સંપ્રત્ય [૨૨૪] સંપ્રતિ (સં) અંત્ય 'ઈ'નો લઘુપ્રયત્ન 'ય' થઈને થયેલું તદ્ભવરૂપ

સાંશિ [૨૬૬] સંશય (સં) નું સંક્ષેપથી થયેલું તદ્ભવરૂપ.

સંભવિ [૧૪૯] સંભવતિ (સં) > સંભવઈ > સંભવિ. વર્તમાનકાળ, ત્રીજો પુરુષ એકવચન.

સ્થલકાં [૨૬૦] સ્થલકમ્ (સં) ને પાંચમનો પ્રત્યય લાગીને સ્થિતકમ્ > થિઅં > થિઉં > થું - થાં.

સ્વતશુદ્ધ [૨૬૩] स्वतः शुद्ध (સં) નું તદ્ભવ

હર્ષિ [૩૩૨] हर्ष (સં) તૃતીયા એકવચનનો પ્રત્યય લાગીને.

હરીજંન [૧૭૨] हरिजन – સંસ્કૃતભાષામાંથી પણ નરસિંહમાં પ્રથમ સાંપડતો શબ્દ.

હરીશૂં [૪૮૬] हरि (સં) ને તૃતીયાના અર્થનો (શું) લાગીને
सहितम् > સહિઅં > સહિઉં > સિઉં > સ્યૂં - શું.

હવડાં [૨૬૬] अधुना (સં) > અહુણા > હઉણા > હવડાં.

હલણચલણ [૨૦૫] हलनचलन (?)

હુંઈ [૩૧૩] अहकम् (સં) > અહઅં > હઉં > હું ને
તૃતીયાના 'ઈ' પ્રત્યય લાગીને.

ક્ષણભંગુર [૩૨૧] ક્ષણભંગુર (સં.) પરથી તદ્ભવ.

ક્ષિ [૨૧૬] ક્ષયનો અંતિમ ઘરાં.